# જૈનાચાર્યો શ્રી ઉદય વલ્લભ સૂરી અને શ્રી હ્રદય વલ્લભ સૂરીએ રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી

## તા. ૩૧/૦૭/૨૦૧૯, રાજભવન, ગાંધીનગર

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની રાજભવન ખાતે જૈનાચાર્યો શ્રી વિજય ઉદય વલ્લભ સૂરી તથા શ્રી વિજય હ્રદય વલ્લભ સૂરીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

રાજ્યપાલશ્રીને મળીને જૈનાચાર્યોએ શુભેચ્છા સહ આશીર્વચન પાઠવ્યા હતા તેમજ સિધ્ધાંતો અને મૂલ્યોના શિક્ષણ દ્વારા યુવા પરિવર્તન અને શિક્ષણ સુધારણા ઉપર વિચાર વિમર્શ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી અને સજીવ ખેતી વિષયક જનઅભિયાન સંદર્ભે માહિતી આપી હતી, જેનાથી જૈનાચાર્યો પ્રભાવિત થયા હતા અને આ ક્ષેત્રે પોતાનું યત્કિંચિત યોગદાન આપવા જણાવ્યું હતું. ગાંધીનગર ખાતે ચાતુર્માસ ગાળી રહેલાં જૈનાચાર્ય અલગ-અલગ વિષય ઉપર એકસો વધુ સેમીનાર યોજીને "પરફેક્ટીંગ યુથ સેશન" ચલાવી રહ્યા છે, તેની પણ આ તકે માહિતી આપી હતી.